સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કલા વિદ્યાને બુદ્ધિમાં બંગાળ લગડી છે,
વિરોધના ક્રોધમાં વર્ષોથી એ સગડી છે,
તગડી 'સામ્યવાદી' છાપ ગગડી છે હવે -
'શાંત સરોવરે' 'કમળ'ની નજર બગડી છે!!

બનાવવું છે!
ભગવા નિકેતન -
આવ્યું સપનું !!
(સોનાર બાંગલાનું...)

થાય છે વધુ -
વિફરેલી વાઘણ -
ઉગ્ર ને વ્યગ્ર...
(મમતા વિ. ઉશ્કેરાટ)

હાઈકુ

ચિંતન

નાપ્રાપ્યમભિવાંછંતિ નષ્ટં નેચ્છન્તિ શોચિતુમ્ ।
આપત્સ્વપિ ન મુહ્યંતિ નરાઃ પંડિત બુદ્ધયઃ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પાકટ બુદ્ધિના માણસો મળી ન શકે તેવી વસ્તુઓ ઈચ્છતા નથી, નાશ પામેલી વસ્તુઓનો શોક કરતા નથી, આફતોમાં પણ મુંઝાતા નથી.

પાકટ બુદ્ધિવાળા માણસો કંઈ રીતે જુદા પડે છે. તેની વાત અહીં કરવામાં આવેલ છે. જે વસ્તુ લાખ પ્રયત્ને પણ મળી શકે તેમ ન હોય તેની ઈચ્છા કરવી નિરર્થક છે. એનું કારણ એ છે કે મનુષ્યના પ્રયત્નને પણ ચોક્કસ મર્યાદા છે. એને લીધે પાકટ બુદ્ધિવાળા માણસો નિરર્થક ઈચ્છા કરતા નથી.

અહીં એવા પણ નિર્દેશ અપાયો છે કે પાકટ બુદ્ધિવાળા માણસો નાશ પામેલી વસ્તુ માટે શોક કરતા નથી. છેલ્લે એ સંકેત પણ અપાયો છે કે પાકટ બુદ્ધિવાળા માણસો આફતોમાં મૂંઝાતા નથી. તેઓ આફતોમાં મનને સ્થિર રાખી, આફતો દૂર કરવાના ઉપાયો વિચારી, આફતોને ઉપાયોનો અમલ કરી દૂર હટાવે છે.

સુવિચાર

- મહેનત એસી કરો કિ પસીને મેં ભી ઠંડક મહસૂસ હો - **મહમદ શરીફ**
- નિર્બળ મનના મેદાનમાં જ શંકા, વહેમ ને ભયનાં ભૂતપ્રેત પોતાના તંબૂ તાણે છે - **સ્વામી ચિદાનંદ**
- ભાર જીવનમાં બીજો છે જ નહીં, હળવા પાકીટનું વજન લાગે છે - **ગૌરાંગ ઠાકર**
- જે માણસ સત્યને સાંભલે છે,
  એ સત્ય ઉચ્ચારનાર કરતાં જરાય ઉતરતો નથી - **ખલિલ જિબ્રાન**
- જો સપનાઓ ચંદ્ર સુધી પહોંચવાના હોય,
  તો પછી મહેનત પણ ચંદ્ર સાથે જાગીને કરવી પડે - **જીવન પાથેય**
- મીરાબાઈ અને નરસિંહ મેતા જેવા ભક્ત હોય તો ટેન્શન
  હંમેશા ભગવાનને જ લેવું પડે છે - **જીગ્નેશ દાદા**
- આજનું ઔષધ : વિંછીના ડંખ ઉપર દૂધીને પીસીને પેસ્ટ લગાડવાથી તથા દૂધીનો જ્યુસ પીવડાવવાથી દર્દીને રાહત તાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતે સત્સંગમાં વિવિધ પ્રકારના વ્યસનો અંગે ચર્ચા કરી. સભામાં એક વૃદ્ધ માતા પણ તેમની વાત સાંભળી રહ્યા હતા. સંતે કહ્યું, 'શાસ્ત્ર મનાઈ કરે છે, દારૂ ન પીવો જોઈએ.' વૃદ્ધ માતા ખુશીથી મનમાં વિચારવા લાગ્યા. 'મહારાજ, આપ ધન્ય છો... વારી જાઉં, કેટલી સરસ વાત કરી...' મહાત્માને માતાજીના મુખ પરની ખુશી વંચાઈ રહી, તેમણે ફરી ઉપદેશ આપ્યો. અને કહ્યું, 'જુગાર ન રમવો, ભલે મહાભરતમાં મોટી ભૂલ થઈ છે પણ જુગાર ન રમવો, ભલે મહાભારતમાં મોટી ભૂલ થઈ છે પણ જુગારની ગણતરી મહાપાપમાં થાય છે.' વૃદ્ધા એ મનમાં કહ્યું, 'ભગવાન આપને સાજા નરવાં સો વરસ સુધી જીવતાં રાખે... ધન્ય છે... મહાત્માને...' મહાત્મા પ્રસન્ન થયા કે માતાજી કેટલા રાજીપાથી મારી વાતો સાંભળે છે.' છેલ્લે મહાત્માએ કહ્યું, 'તમાકું પણ ન ખાવી જોઈએ.' હવે માતાજીના ચહેરા પરની રેખાઓ બદલાઈ ગઈ કારણ કે માતાજીને તપકીર સુંઘવાનું વ્યસન હતું એટલે એમણે મનમાં કહ્યું, 'મહારાજ', આ વાત બરોબર નથી.' સાર એ છે કે આપણને જે માફક આવે તેનો જ આપણે સ્વીકાર કરીએ છીએ.

ગ્રીન ગાંધીનગરની ઓળખ જાળવીએ

તંત્રીસ્થાનેથી...

વિશ્વભરમાં હરિયાળા પાટનગરની ખ્યાતિ ધરાવતું ગાંધીનગર ધીરે ધીરે એની લીલપ ગુમાવી રહ્યું છે. ક્યારેક ઘટાટોપ વનરાજિ લહેરાતી હતી ત્યાં સિમેન્ટ કોકીંટની ઈમારતો ઊગી નીકળી છે. આ પ્રવૃત્તિ વિકસાના રૂપકડા બહાના હેઠળ નિરંતર ચાલુ રહેવા પામી છે. એથી ગાંધીનગરનો ઉનાળો અમદાવાદ જેવા પ્રદૂષિત અને વસતિ તથા વાહનોથી ઊભરાતા મહાનગર જેટલો જ આકરો બની રહે છે. વિકાસની ધૂનમાં સૌથી વધારે વેઠવાનું વૃક્ષોના જ ફાળે આવે છે. ગાંધીનગર કેટલાંક ગામડાં ભાંગીને વસાવાયેલું કૃત્રિમ શહેર છે. મૂળે જ્યાં ખેતરો હતાં ત્યાં વસાહતો ઊભી થઈ, સરકારી કાર્યાલયો બંધાયાં અને તેમણે શણગારવા વૃક્ષો પણ રોપાયાં. જૂના, મૂળ ભૂમિનાં ઘણાં વૃક્ષોનું નિકંદન કાઢી નવાં ઉગાડેલા વૃક્ષો વિકસતાં નવું બનેલું પાટનગર હરિયાળા પાટનગરનું બિરુદ પણ પામ્યું. બલકે પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોને મંજૂરી નહીં આપતા ગાંધીનગર અન્ય શહેરોની સરખામણીમાં સૌથી સલામત, પ્રદૂષણ મુક્ત રહેવાલાયક નગર બની રહ્યું. આ પરિસ્થિતિ જળવાઈ રહે તે જરૂરી હતું પરંતુ રોજિંદા વાહનવ્યવહારમાં અનેક ગણો વધારો થતાં રસ્તાઓ પહોળા કરવાનું અનિવાર્ય બન્યું. દ્વિમાર્ગી રસ્તા ચારમાર્ગી થયા અને ચાર માર્ગી રસ્તાઓ છ માર્ગી થાય એવાં આયોજનો થતા રસ્તાઓની શોભા સમાન ઘટાટોપ વૃક્ષોની માઠી દશા બેઠી છે. વનવિભાગની પ્રશંસનીય કામગીરીના પ્રતીક સમી ગાંધીનગરની હરિયાળી પર રોજે રોજ અવનવી તવાઈ આવતી રહે છે. મુખ્ય માર્ગો પર વૃક્ષો કપાતાં એ વિસ્તારો બોડા બન્યા છે અને હવે રિંગ રોડો પહોળા કરવાના બહાને સેકટરોની અંદરની લીલોતરી નષ્ટ થઈ રહી છે. કેટલાક જાગ્રત નાગરિકોએ આ મુદ્દે સરકારનું ધ્યાન પણ દોર્યું છે. સેકટર-૨૨માં ઢોર ડબ્બાથી પંચદેવ મંદિર સુધીના રિંગરોડને પહોળો કરવાની કામગીરી શરૂ થાય તે પહેલાં જ આવા જાગ્રત નાગરિકોએ 'પ્રકૃતિ રક્ષા અભિયાન' અંતર્ગત કલેકટરને આવેદનપત્ર પાઠવી વૃક્ષોનું નિકંદન અટકાવવા અરજ ગુજારી છે. વિકાસના બહાના હેઠળ વૃક્ષોનો વિનાશ આખરે તો વસાહતીઓને ભારે જ પડવાનો છે. ગ્લોબલ વોર્મિંગથી ત્રસ્ત વિશ્વમાં કોઈ રડીખડી જગ્યાઓ માથું છુપાવવા જેવી બચી હોય એ પણ વિકાસ જેવા લોકપ્રિય મુદ્દા હેઠળ વેરાન થઈ જશે તો એ નવી પેઢી માટે અત્યંત શોચનીય બાબત બની રહેશે. વૃક્ષો તો પરોપકારી સંત જેવા હોય છે. એ પણ જીવંત હસ્તીઓ છે. માનવજાત માટે સદાસર્વદા આશીર્વાદરુપ બની રહેલ વૃક્ષોને આદર આપવો જોઈએ. એમનો નાશ તો અંતે માનવજાતના સર્વનાશમાં જ પરિણમશે. આપણી ભારતીય સંસ્કૃતિ તો વૃક્ષને પણ દેવ ગણીને પૂજતી રહી છે. એ ભરપૂર પ્રાણવાયુ આપતાં હોઈ એમને વિજ્ઞાને પણ 'પૃથ્વીના ફેફસાં' જેવું બિરુદ આપેલું છે. ત્યારે વાહન વ્યવહાર કે બીજા કોઈ કારણસર આડેધડ વૃક્ષોનું નિકંદન કાઢવું એ તો ખુદ પોતાના જ પગ પર કુહાડો માર્યા જેવું લેખાશે. પ્રકૃતિપ્રેમી નાગરિકોની ભલામણ સરકારે ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ બીજા વિકલ્પો વિચારવા જોઈએ. નાગરિકો અને સરકારના સંતોષ ખાતર વૃક્ષો કાપતી વખતે એવાં બોદાં આશ્વાસનો અપાતાં રહ્યાં છે કે જેટલાં વૃક્ષો કપાશે એથી વધારે સંખ્યામાં નવા રોપાશે. પરંતુ છેલ્લા દાયકાઓમાં આવાં નવાં વૃક્ષો કેટલાં ઊછેર્યા એનું પણ સર્વેક્ષણ થવું જોઈએ. વૃક્ષોને એક સ્થાનેથી મૂળે સમેત ઉપાડી બીજે સ્થળે રોપવાની વૈજ્ઞાનિક પદ્ધતિનો અમલ પણ કેટલો કારગત અને પરિણામદાયક નીવડ્યો તેની તપાસ થવી જરૂરી છે. વૃક્ષ કપાય છે ત્યારે જીવતા અસ્તિત્વનો વધ થતો હોય છે. આ એક અત્યંત ઘૃણાસ્પદ હિંસક ઘટના છે. આશા રાખીએ કે પ્રકૃતિપ્રેમીઓની સંવેદનાને સરકાર વેળાસર સમજે. ટિહરી ડેમ બનતો હતો ત્યારે સુંદરલાલ બહુગુણા નામના વૃક્ષપ્રેમીએ રીતસરનું 'ચીપકો આંદોલન' ચલાવ્યું હતું. વૃક્ષને કાપવું હોય તો ભેગા મને પણ કાપો - એવા સત્યાગ્રહ સાથે અનેક પહાડી લોકો વૃક્ષોને બાથ ભરી ઊભા થઈ ગયા હતા. ગાંધીનગરવાસી પ્રકૃતિપ્રેમીઓને એવો જલદ સત્યાગ્રહ ન કરવો પડે એવું ઈચ્છીએ.

ઓહ! આ છોકરો આજકાલ બધી વાતમાં નારાજ થવા લાગ્યો છે

નવાં ક્લેવર
નટવર હેડાઉ

જોસેફ ઓફિસથી આવ્યો એટલે લ્યુસી દોડતી આવી અને પુંછડી હલાવવા લાગી. જોસેફ પ્રેમથી તેના માથે હાથ ફેરવ્યો. પછી પૂછ્યું 'તારો દોસ્ત સૈમ કયાં છે?' પરંતુ લ્યુી તો રાહ જોતી રહરી કે કયારે જોસેફ બેસે અને તે ખોળામાં ચડી જાય.

તે વખતે જ તેની પત્ની એલિનાએ પૂછ્યું, 'ચ્હા કે કોફી' 'કેમ તબિયત બરાબર નથી.'

ઓફિસમાં એક મિત્રની વિદાય પાર્ટી હતી. તેમાં એટલું ખવાઈ ગયું છે કે હવે કંઈ ખાવાપીવાનું મન નથી. 'સૈમ કયાં છે?' 'તે તો બહાર રીંસાઈને બેઠો છે.'

'રીંસાઈને બેઠો છે, કોનાથી, કેમ ?'

કહેતો હતો કે તમે ગયા વર્ષે ક્રિસમસમાં કહેલું કે આવતા વર્ષે દીવ લઈ જશો. ચર્ચ બતાવશો.' એલિના બોલી.

'હા, કહ્યું તો હતું પરંતુ આ વર્ષે તો કોઈ જઈ નહીં શકે. જવું પણ કંઈ રીતે, કોરોનાને લીધે કયાંક પણ જવું મુશ્કેલ છે. ઓફિસ જવાનું ન હોય તો બહાર પણ ન નીકળાય. તેં તેને કહ્યું નહીં. જોસેફ બુટ કાઢી એક તરફ ઘોડામાં મૂકતા કહ્યું.' તેની વાત સાંભળી એલિના બોલી,'બધુ કહ્યું હતું પણ એ સાંભળે તો ને? તેતો કહેતો હતો કે પપ્પા એમ જ વાયદા કરી દે છે. પૂરા કરતા નથી. વળી તે એ વાતે પણ નારાજ છે કે તેના બધા મિત્રોનું તહેવારનું શોપીંગ થઈ ગયું છે. બધાએ પોતપોતાના ઘર સજાવવાનું શરૂ કરી દીધું છે. બધા પોતાને ગમતા ક્રિસમસ ટ્રી લઈ આવ્યા છે. પણ તમે તેને કયાંક લઈ ગયા નથી.'

'ઓહ! આ છોકરો આજકાલ બધી વાતમાં નારાજ થવા લાગ્યો છે. હવે એમ લાગે છે કે મોટો થઈ રહ્યો છે. હવે રીંસાયો છે તો મનાવવો તો પડશે જ' કહેતા જોસેફ આંગણા તરફ આગળ વધ્યો. જયાં સૈમ મોં ફુલાવી બેઠો હતો. તેણે ત્રાંસી નજરે જોસેફ તરફ જોયું એન પછી આકાશ તરફ જોવા લાગ્યો. નજીક આવીને જોસેફે પૂછ્યું, 'સૈમ બેટા આકાશમાં શું છે? કોઈ સુંદર પક્ષી છે.' 'ના, ત્યાં મને હમણાં શાંતાક્લોઝ દેખાયા હતા.'

'સારું તેણે કંઈ કહ્યું?' 'મને તેમની પાસે બોલવતા હતા. પણ હું કઈ રીતે જઉં.' મારી પાસે કોઈ નીસરણી પણ નથી કે પંખીના જેવી પાંખો પણ નથી.

આ સાંભળી જોસેફ હસવા લાગ્યો. કંઈ વાંધો નહીં મને ખબર છે તારે તેની પાસે જવું છે ખરું ને? જેથી હું જલ્દીથી જલ્દી, ફ્રાંસ પહોંચી શકું. જે રીતે વિમાન ફ્રાંસ પહોંચશે એ જ રીતે શાંતા પણ પહોંચાડી દેશે.'

'એ તો ખરું તેની સાથે પછી જજે. પહેલા જહા બહાર આવ.' જોસેફે કહ્યું. 'બહાર શું કામ? શું આપણે શોપિંગ કરવા જવાનું છે. સૈમ રાજી થઈ બોલ્યો. તેની વાત સાંભળી જોસેફ હસ્યો' એમ જ સમજી લે.' જોસેફ દરવાજે પહોંચે તે પહેલાં સૈમ દોડતા આગળ નીકળી ગયો. તેની પાછલ એલિના પણ આવી. સૈમે જોયું કે પપ્પાએ ગાડી હજુ ગેરેજમાં મુકી નથી અને ગાડીની ડિક્કી ખુલ્લી છે. સૈમે ડિક્કીમાં જોતા જ તેના મોંમાંથી નીકળી ગયું.'અરે, આ તો ટેબલ છે.'

જા, તું કહેતો હતો ને કે નવું ટેબલ લેવું છે. જેના પર કોમ્પ્યુટર રાખી ઓનલાઈન ભણી શકાય. એટલે લઈ આવ્યો અને તેની બાજુમાં મૂકવા માટે ક્રિસમસ ટ્રી પણ...'

'વાહ ! હવે તો મજા પડશે.'

'એ તો છે જ. તું ક્રિસમસ ટ્રીને જરા અડી જો.'

'સૈમ જયાં તેને જરા અડ્યો તો તેમાંથી મીઠા સંગીતનો સ્વર સંભળાયો.' 'આ તો મેજિકલ ટ્રી છે.'

'બીજું શું, ખાસ તારા માટે ઓર્ડર આપી બનાવ્યું છે. સમજ ને કે સાંતાક્લોઝે તને આપ્યું છે.'

પણ પપ્પા મારા માટે તો તમે જ શાંતા છો. મેં તો એક ટેબલ જ માંગેલું તમે તેની સાથે મેજિકલ ટ્રી પણ લઈ આપ્યું. પછી તો પપ્પાએ પાછળની સીટમાં મુકેલ વેલા ડાળખીઓ અને ચમકટા સ્ટાર કાઢ્યા. તે સાથે કેક, પેસ્ટ્રી અને ચોકલેટ પણ હતી. અને મમ્મીની પસંદગીના ગુલાબજાંબુ પણ પપ્પા લાવ્યા હતા. અને જોતજોતામાં ક્રિસમસ આવી ગઈ. સૈમ તેની સાયકલ લઈને જવા લાગ્યો. એટલે પપ્પાએ પૂછ્યું પણ ખરું' કયાં જાય છે.

પપ્પા મારી ફ્રેંડ જીયાની મમ્મીની તબિયત સારી નથી. હું મમ્મીએ લાવેલ કેક અને તમે લાવ્યા છો તેમાંથી થોડી ચૉકલેટ તેને આપવા જઉં છું.'

'સારું, જા બીજું કંઈ લઈ જવું હોય તો પણ લઈ જજે. જીયા પણ તહેવાર ઉજવી શકે.'

જતાં પહેલાં સૈમ ઘરના દરવાજે ફૂલમાળાઓ અને વેલા લગાવતો હતો. પપ્પા એ તે કામ સંભાળી લીધું. સૈમ પાછો આવ્યો ત્યારે જોઈને દંગ રહી ગયો. તેનું ઘર ઝગમગતું હતું. સૈમના ઓરડામાં ટેબલ ગોઠવાઈ ગયું હતું. તેના પર ક્રિસમસ ટ્રી શોભતું હતું. તેમાં જાત જાતની ઘંટડીઓ અને રંગબેરંગી ફૂલો લગાડેલા હતા. ક્રિસમસની તૈયારી થઈ ગઈ હતી.

સ્નેહીજનની પ્રતિભા : જો જો, લોકોની નજરથી ઉતરી ન જાય

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

ફિલ્મ ઉદ્યોગમાં કામ શોધવા માટે અને સ્થાયી થવા માટે અમિતાભ બચ્ચન સંઘર્ષ કરી રહ્યા હતા એ સમયનો એક રસપ્રદ પ્રસંગ છે. એ સમયે શશી કપૂરે ફિલ્મ ઉદ્યોગમાં એક સફળ અભિનેતા તરિકેનો પોતાનો પગ જમાવી દીધો હતો. અમિતાભ અને શશી કપૂર વચ્ચે મિત્રતાના સંબંધો વિકસી રહ્યા હતા. અમિતાભ ઘણી વખત કોઈ ફિલ્મનાં સેટ ઉપર શશીકપૂરને મળવા જતાં. શશી કપૂર પણ તેમને એક મિત્ર તરિકે મદદ કરતાં. શશી કપૂરે એ સમયે કેટલાક નિર્માતા અને દિગ્દર્શકો સાથે અમિતાભની ઓળખાણ કરાવી હતી અને યોગ્ય કામ આપવા માટે તેઓને ભલામણ પણ કરતાં.

એ સમયે શશી કપૂર અને અમિતાભ વચ્ચેની મિત્રતાનું કારણ એ પણ હતું કે શશી કપૂરનાં પિતા પૃથ્વીરાજ અને અમિતાભના પિતા હરિવંશરાય એકબીજાના પ્રશંશકો હતા અને પ્રસંગાપાત એ બંનેની ઘણીવાર મુલાકાતો પણ થતી રહેતી.

એક દિવસ જેમ્સ આઈવરી પ્રોડકશનની ઈસ્માઈલ મર્ચન્ટ દિગ્દર્શિત કોઈ એક ફિલ્મનુ શૂટીંગ ચાલી રહ્યું હતું જેમાં શશી કપૂર મહત્વની ભૂમિકામાં હતા. એ દિવસે શશી કપૂરને મળવા માટે અમિતાભ સેટ ઉપર ગયા. એ સમયે સેટ ઉપર કોઈના મૃત્યુની અંતિમ વિધીનાં દ્રશ્યની તૈયારીઓ ચાલી રહી હતી. એ દ્રશ્યમાં લોકોની ભીડના (Crowd) કેટલાક 'શોટ્સ' હતા. સેટ ઉપર અમિતાભને એક સામાન્ય માણસની જેમ ફાલતુ ઉભેલા જોઈને કોઈ આસિસ્ટન્ટ ડાયરેક્ટરે તેમને કહ્યું કે તમે આવીને ભીડમાં ઊભા રહી જાવ, એક્સ્ટ્રા આર્ટીસ્ટ તરિકેનું મહેનતાણું પણ મળશે. પોતાને crowd scene માં ઉભવાનું મહેનતાણું મળશે એ લાલચે બીજું કંઈ જ વિચાર્યા વિના અમિતાભ ભીડમાં જઈને ઊભા રહી ગયા.

ભીડમાં ઉભેલા અમિતાભ ઉપર શશીકપૂરની અચાનક નજર પડી. શશી કપૂરે તેમને પોતાની પાસે બોલાવીને પૂંછયું કે "આ બધુ શું છે?" crowd sceneમાં કેમ ઊભો છે?" અમિતાભે પોતાને પૈસાની જરૂરિયાત છે એવી મજબૂરી બતાવી તો શશી કપૂરે કહ્યું કે "ના, પૈસાની જરૂરિયાત હોય તો મારી પાસે માંગવા જોઈએ. તું હીરો બનવા મુંબઈ આવ્યો છે અને તું હીરો બનવાને જ લાયક છે. તારે આ પ્રકારના ફાલતુ કામ ન કરવા જોઈએ."

શશી કપૂરે crowd scene માં ઉભવાની ના કહેવા છતાં અમિતાભે એ દ્રશ્ય કર્યું. શુટીંગ પૂરું થયે તેમને જે કંઈ મહેનતાણું મળ્યું એ લઈને ચૂપચાપ ચાલ્યા ગયા. શશી કપૂરને એ વાતની ખબર પડી. તે અમિતાભની મજબૂરી સમજી ગયા અને ખુમારી પણ જાણી ગયા કે અમિતાભને જરૂર હશે તો પણ પોતાની પાસેથી મદદ લેશે નહીં. આમ છતાં શશી કપૂરથી રહેવાયું નહીં, તેમણે તરત જ ડાયરેક્ટર સાથે વાત કરી અને સૂચના આપી કે આ છ્ઠ્ઠિ જષ્ઠીહી માં અમિતાભનો ચહેરો ક્યાંય દેખાવો ન જોઈએ. તેમનાં જેટલા પણ શોટ હોય એ બધા જ ફિલ્મમાંથી કાઢી નાખજો. ડાયરેક્ટરે પણ શશી કપૂરની સૂચના માની અને ફિલ્મ એડીટિંગ સમયે અમિતાભના બધા જ શોટ એ ફિલ્મમાંથી કાઢી નાખ્યાં.

સંબંધો વિકસાવવાની અને સાચવવાની આ પણ એક આગવી અને અનોખી રીત છે. આપણાં કોઈપણ મિત્ર, સ્નેહી, સંબંધી કે સહકર્મચારી પાસે કોઈ પ્રકારની એક વિશિષ્ટ આવડત, કલા, કારીગરી, કુશળતા કે પ્રતિભા હોય શકે છે. એ પ્રતિભાને પારખવી એ બહુ મોટી વાત છે. એ પ્રતિભા અને કળાનું એક સ્તર નક્કી કરીને એ સ્નેહી-સંબંધીને પોતાની પ્રતિભા અને તેનાં સ્તરનો અહેસાસ કરાવવો જરૂરી હોય છે. આવું કરવાથી તેનો આત્મ-વિશ્વાસ વધારે મજબૂત બનતો હોય છે અને તેમની પ્રતિભા વધારે ખીલવવા માટે સ્નેહી, સંબંધીને પ્રેરણા મળતી હોય છે. શશી કપૂરે અમિતાભને "તું હીરો બનવા માટે આવ્યો છે, ફાલતુ કામ માટે નહીં" આવું કહીને તેની પ્રતિભાનો તેને અહેસાસ કરાવ્યો અને તેનો આત્મવિશ્વાસ વધારવા પ્રયત્ન કર્યો.

સ્નેહી-સંબંધીની પ્રતિભા અને તેના સ્તરની ગરિમા ન જળવાતી હોય ત્યારે એ સ્નેહી-સંબંધીને તેનાં વિષે ટકોર કરવી, પોતે ભૂલ કરી રહ્યા છે તેના તરફ અંગુલિનિર્દેશ કરવો અને તેમણે ભૂલનો અહેસાસ કરાવવો એ પણ આપની ફરજ બનતી હોય છે. સ્નેહી પોતાનાં સ્તરથી જરા પણ નીચે ના ઉતરે તે માટે પ્રોત્સાહિત કરીને એક સાચા સંબંધી તરિકે આપણે તેમની ગરિમાને સાચવી શકીએ.

ક્યારેક જાણે-અજાણ્યે, ક્યારેય કોઈ પ્રકારની મજબૂરી થકી, ક્યારેક પરિસ્થિતીને વશ થઈને વિવશતાથી સ્નેહી-સંબંધી પોતાનાં સ્તરથી નીચે ઉતરી જતાં હોય છે. તેમને અણગમતું હોય છતાં ગમતું કરવું પડતું હોય છે. તેને પોતાને પણ અહેસાસ થતો હોય છે કે પોતે જે કંઈ કરે છે એ યોગ્ય નથી. આવી પરિસ્થિતીમાં જો આપણાં હાથમાં હોય, આપણને તક મળી હોય, આપણાં અંકુશમાં હોય એટલા પ્રયત્નો કરીને સ્નેહી-સંબંધીને તેમાંથી ઉગારી શકીએ તો એ સંબંધો સાચા સંબંધો સાબિત થઈ શકે. શશી કપૂરે આવું જ કર્યું. એ ફિલ્મમાંથી અમિતાભના એક્સ્ટ્રા આર્ટીસ્ટ તરિકેના શોટ્સ જો જ ના કઢાવ્યા હોત તો કદાચ એ સમયે અમિતાભની પ્રતિભા ખરડાઈ ગઈ હોત. નિર્માતા-દિગ્દર્શકોમાં પણ અમિતાભ વિષે એક એક્સ્ટ્રા આર્ટીસ્ટ તરીકેની છાપ બંધાઈ ગઈ હોત. એ છાપ કદાચ અમિતાભની કારકિર્દી માટે ઘાતક સાબિત થઈ શકી હોત.

આપણી આવડત, આપણી કુશળતા અને આપણી પ્રતિભાની કોઈ કદર કરે એ આપણને હંમેશા ગમતું હોય છે. જરૂર નથી કે સન્માનપત્રો, ખિતાબો કે એવોર્ડ્સથી જ આપણી પ્રતિભાનું સન્માન થાય. શશી કપૂરે જે રીત અપનાવી એ પણ અમિતાભની પ્રતિભાનું એક પ્રકારનું સન્માન જ હતું. આપણે પણ આપણાં સ્નેહી-સંબંધીની આવડત, કુશળતા અને પ્રતિભાનું સન્માન કરવાની તક ઝડપી શકીએ. કોઈ સ્નેહી-સંબંધીની પ્રતિભાનું આ રીતે સન્માન કરીને તેમની સાથેનાં આપણાં સંબંધો સાર્થક કરી શકીએ. આજે પણ અમિતાભ જ્યારે જ્યારે શશી કપૂરની વાત કરે છે ત્યારે તેની આંખોમાં અશ્રુબિંદુઓ બાજી જતાં જોવા મળે છે. કદાચ, આ પ્રકારે જ બંનેના સંબંધોનાં મજબૂત પાયા નંખાયા હશે.

આપણે પણ આપણાં સ્નેહી, સંબંધીની પ્રતિભાને પારખી, તેમનાં સ્તરનો અંદાજ લગાવી, તેમનાં સ્તરને જાળવવા અને વિકસાવવા મદદરૂપ થઈએ અને આપણાં સંબંધોને વધારે સાર્થક બનાવીએ.

અતિ પૂર્ણતા અને ચોકસાઈમાં લક્ષ્ય આપનારા જીવન જીવતા નથી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૃથ્વી ઉપર સહજ રીતે એક મૂલાકાતી તરીકે જન્મ લઈ આવી ગયા એ બાબતનો અણસાર પણ જન્મ થયા પછી ઘણા સમયે આવે છે. છતાં હરકોઈ વ્યક્તિ આ વિષયે તદ્દન અન્જાન જ રહે છે. જીવન અને એ પણ ઈન્સાન તરીકે ઈશ્વર તરફથી મળ્યું એ જ સૌથી મોટી ઉપલબ્ધી હોવા છતાં બધા સહજ રીતે આ અંગે કંઈ વિચારતું નથી. કર્મના સિદ્ધાંત મુજબ અગણિત સજીવ આ વિશ્વમાં તથા અન્ય લોકમાં જન્મ -મરણની ઘટમાળમાં અટવાયા કરે છે. જન્મ કયાં થશે કઈ જાતિ - જ્ઞાતિ કે કોને ત્યાં થશે એ બધા સવાલોના સાચા જવાબ કયાંક નથી! ઋણાનુબંધ બધા વચ્ચે મુખ્ય જોવા મળે છે. ભગવાનનું આયોજન બહુ જ સ્પષ્ટ સરળ અને નક્કર હોય છે. ત્યાં ઓટો સિસ્ટમ અમલમાં છે. વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારથી એ ડિજિટલ રીતે ચાલે છે. કોને ઓનલાઈન કયાં સુધી રાખવા અથવા કોના અસ્તિત્વનું ડિલીટ થઈ જશે એ બધી જ વ્યવસ્તાઓના નેટવર્ક અખિલ બ્રહ્માંડના નાયક પાસે હોય છે !! માનવ જન્મ જેને પ્રાપ્ત છે એ અન્યના ભલા માટે તથા પોતાના મોક્ષ માટે કશુંક કરવાની ક્ષણતા ધરાવે છે. આ બાય ડિફોલ્ટ ઉપલબ્ધી છે. છતાં સમાજમાં બહુધા જે જોવા મળે છે એ મુજબ લોકો પૂર્ણતા (PREFECTION) અને ચોકસાઈ (ACCURACY) માં એટલા તો ગળાડૂબ રહ્યા કરે છે કે તેઓ જીવન જીવવાનું જ ભૂલી ગયા છે. દુનિયા આખીમાં વસ્તી વૃદ્ધિનો વિસ્ફોટ છે કુદરતી સાધનો પણ ટૂંકા પડી રહ્યા છે. નીતિનાશ, મૂલ્ય ધ્વંશ, રૂક્ષતા તેના કડવા ફળ છે છતાં આ પૃથ્વી ઉપર જીવન જીવતા લોકો તેની વિચારધારામાં પરિવર્તન અંગે પણ કશુ વિચારતા નથી. સ્વચ્છતા દિવ્યતાને નજીક લઈ આવે છે પમ માત્ર સ્વચ્છતા માટે જ દિનરાત જપ કરતા રહેવું એ નર્યું પાગલપન હોય છે. અતિની ગતિ નહીં કે અતિમાં મતિ રહેતી જ નથી. હાલના માનવની કહાની નીચેના શેરમાં રજૂ થઈ છે :

'મુખ પર છે સ્મિત, હૃદયમાં કપટ,
અને આ માનવી ઈચ્છે છે સ્વર્ગમાં ચૌખટ.'

જીવનની સહજ શૈલીને નહીં અપનાવી ને માનવ ખુબ સ્વયં એક ઉલઝનમાં ભેરવાઈ જાય છે. નિયમો અને રીતિરિવાજોની માયાજાળમાં એટલા તો હરગીજ નહીં ગુંચવાવું જોઈએ કે જીવન જે પ્રાપ્ત થયું છે તે અંગે જ સાવ કોરા કટ રહી જઈએ!!

'કાં મને માપી શકો, કાં મને પામી શકો,
બહુ વિગતમાં ના પડો તો મને ચાહી શકો.'

અતિ પૂર્ણતાની લ્હાયમાં જીવન આનંદ લુપ્ત થઈ જાય છે અને આ વાસ્તવિકતાનો ખ્યાલ પણ સત્વરે આવતો નથી. બધી જ રીતે બધા જ લોકો કદી પરફેક્ટ હોઈ શકતા નથી. એ યાદ રાખવું જરૂરી છે. વ્યવહારિકતાને કદી લાગણીઓ જોડે બનતું હોતું નથી જે બધાની નજર જોઈ શકતી નથી! ચંદ્રકાન્ત બક્ષી સાહેબની એક નાની કૃતિ અતિ અદ્ભૂત છે.

માનો કે ના માનો
ઉંમરનો પણ એક ચાર્મ છે!
જો હોય તબિયત કાબુમાં
તો જિંદગી બેફામ છે!
હોય જો મિત્રો સરખે સરખા
તો જિંદગી પણ જામ છે!
કોઈ સાંભળે ગીતો મજાના
માથે ઘસે કોઈ બામ છે!
જીવી લો મોજ મારીને
ખુશીયો ના એ જ દામ છે!
સમય કાઢો પોતાના માટે
આખી જિંદગી કામ છે
ઉંમરનો પણ એક ચાર્મ છે.

બહુ ચિકાસ કરી કરીને કે કકળાટ કરી કરીને જીવવું એ ઉમદા હકીકત નથી. કેટલીક બાબતો કાગળ કે બુકમાં લખાયેલી સુંદર લાગે છે વ્યવહારિક જીવનમાં કદાચ આનંદકારી બનતી નથી. માનવ સત્યથી દૂર યા કોઈ ભ્રમમાં જીવી જાય એ ઉપલબ્ધી હોય તેવી આજની દુનિયા છે. જીવન જીવવું એટલે શું? આ બાબત દરેકે સમજી લેવી જોઈએ. સહજ ક્રમને તોડવો એ અકુદરતી છે. આ વાતને સમજવા સ્વામી સચ્ચિદાનંદજીનાં પુસ્તકો વાંચવા જ પડે. અપૂર્ણતા અને સહજતાને દિલથી સ્વિકૃત કરશો તો જ જીવન જીવવા જેવું લાગશે. દિમાગમં ખોટા ખ્યાલને ઉછેરીને જંગલમાં પરિવર્તિત કર્યા બાદ મંદિરની ઝાલરનો ધ્વનિ પણ દિલને ઢંઢોળી નહીં શકે. ઋગ્વેદના શ્લોકના શબ્દો ખુબ જ જીવનપ્રેરક છે.

મહા અભિષ્ઠિઃ ઓજસા - હે પ્રભુ અમને મહાનજ્ઞાન, શક્તિ અને ઓજથી ભરી દેજો. (O God, Fill us With great konwladge, Strength and Power) સ્વાર્થની પરાકષ્ઠાનો આ યુગ ચાલે છે. એટલે એ સ્વાર્થ ખતમ થતા જ માનવતાની સુગંધ જરૂર પ્રગટે છે. ખામી વગરના પાત્ર શોધવામાં અંતે સમય વેડફી નાંખ્યાનો થાક લાગે છે. મહદંશે સ્ત્રીઓ ખુબ ચિવટથી પૂર્ણતા અને સ્વચ્છતાનો જી